અપીલ અરજી નં.૨૩૨ તા.૨૮–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી ભગીરથીબેન તે વલ્લભભાઈ ડાહયાભાઈ પટેલની પુત્રી

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભગીરથીબેન તે વલ્લભભાઈ ડાહયાભાઈ પટેલની પુત્રીની તા.૨૮–૦૯–૧૦ની અરજીથી (૧)મોજે અડાજણ, સુરત સીટીમાં પડેલ ટી.પી.સ્કીમ નંબર : ૩૧(અડાજણ) ફા.પ્લોટ નં.૯૪,૯૫,૯૬,૯૭ વાળી જમીન અંગે પ્લાન પાસ કે રજા ચીઠ્ઠી આપવામાં આવેલ છે કે કેમ તેની માહિતી આપો. (૨) ઉપરોકત જણાવેલ નંબરો વાળી જમીન અંગે જો પ્લાન પાસ કે રજાચીઠ્ઠી ફાળવવામાં આવેલ હોય તો તેની સહી સિકકાવાળી નકલ આપો અને તેમાં રજુ કરેલ તમામ પેપર્સોની નકલ આપો. વિ. મુદ્દા નં.૧ થી ૬ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૮–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૩૨/૨૦૧૦–૧૧

શ્રી ભગીરથીબેન તે વલ્લભભાઈ ડાહયાભાઈ પટેલની પુત્રીની તા.૨૮–૦૯–૧૦ની અરજીથી (૧) મોજે અડાજણ, સુરત સીટીમાં પડેલ ટી.પી.સ્કીમ નંબર : ૩૧(અડાજણ) ફા.પ્લોટ નં.૯૪,૯૫,૯૬,૯૭ વાળી જમીન અંગે પ્લાન પાસ કે રજા ચીઠ્ઠી આપવામાં આવેલ છે કે કેમ તેની માહિતી આપો. (૨) ઉપરોકત જણાવેલ નંબરો વાળી જમીન અંગે જો પ્લાન પાસ કે રજાચીઠ્ઠી ફાળવવામાં આવેલ હોય તો તેની સહી સિકકાવાળી નકલ આપો અને તેમાં રજુ કરેલ તમામ પેપર્સોની નકલ આપો. વિ. મુદ્દા નં.૧ થી ૬ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પી.એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસના પત્ર નં.ટી.ડી.ઓ/૩૧૭૩ તા.૧૨–૧૦–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા સાથેં અપીલના મુદ્દા અંગે આપનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૦૦ તા.૩–૧૧–૧૦ થી ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) તથા અરજદારને અપીલ અરજીમાં મુદ્દા નં.૨ અંગે આપના અર્થઘટન અંગે કોઈ કાનુની આધાર હોય તો રજુ કરવા તથા બાકીના મુદ્દા અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપે માંગેલ માહિતી સામે પ્રત્યુત્તર આપેલ છે જેથી માહિતી ઉપરાંતની તકરાર નિવારણ અંગે સક્ષમ સત્તાને અલગથી રજુઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૩૬૪૧ તા.૧૮–૧૧–૧૦ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં. ૩૧૭૩ તા.૧૨–૧૦–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૬–૧૧–૧૦ ના રોજ કેબિન કે બુકીંગ ઓફિસર ટેમ્પરરી સ્ટ્રકચરમાં આવે છે કે નથી આવતુ તેની માહિતી પુરાવા સહિત તથા કાનુની આધાર હોય તો તે આપવા જણાવેલ છે તેવી રજૂઆત કરતાં પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૮–૯–૧૦ ની અરજીથી ટીપી સ્કીમ નં.૩૧ ફા.પ્લોટ નં.૯૪ થી ૯૭ અંગેના પ્લાન અંગે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૩૧૭૩ તા.૧૨–૧૦–૧૦ થી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવામાં આવેલ. જેના સંદર્ભે અરજદારે મુદ્દા નં.૧,૩,૪,૫ ના જવાબો યોગ્ય રીતે આપેલ નથી તથા મુદ્દા નં.૨ અંગે નાણા અમોએ ભરેલ છે તે ખુબ વધુ છે એડવાન્સ પૈસા ભરેલા તેમ છતાં પૂરી નકલ નહીં આપી જયારે અમે વિરોધ કર્યો ત્યારે બીજા દિવસે નકલ આપેલ. અને ફકત માહિતી આપવા ખાતર આપેલ છે જેથી અપીલ કરવાની ફરજ ઉભી થઈ છે તેવું જણાવી તા.૧૨–૧૦–૧૦ ના નિર્ણયથી નારાજ હોવાથી તા.૨૮–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. તથા અરજદારે પૂરક વિગતોમાં તેમના તા.૧૧–૧૧–૧૦ ના પત્રમાં કેબિન કે બુકીંગ ઓફિસ ટેમ્પરરી સ્ટ્રકચરમાં આવે છે કે નથી આવતું તેની માહિતી પુરાવા સહિત કાનુની આધાર હોય તો તે પુરાવા સહિત જણાવેલ છે.જે અંગે મુદ્દા નં.૪ માં પૂરક માહિતીમાં જણાવવામાં આવેલ છે તથા આરટીઆઈ કાયદાની કલમ–૧૧(૨) ની જોગવાઈ જણાવેલ છે. જે ત્રાહિત વ્યકિતની માહિતી બાબતે લાગુ પડે છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૩૬૪૧ તા.૧૮–૧૧–૧૦ થી પૂરક વિગતો અત્રે પૂરી પાડવામાં આવેલ છે. જેમાં (૧)મોજે અડાજણ, સુરત સીટીમાં પડેલ ટી.પી.સ્કીમ નંબર : ૩૧(અડાજણ) ફા.પ્લોટ નં.૯૪,૯૫,૯૬,૯૭ વાળી જમીન અંગે પ્લાન પાસ કે રજા ચીઠ્ઠી આપવામાં આવેલ છે કે કેમ તેની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતમાં અત્રેથી પ્લાન મંજુર કરવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં ખરી હકીકતમાં સદરહુ જમીન પૈકી ૨૮/૨ ૨૮/૪ વાળી જમીન અંગે વાંધા અરજી આપેલ હતી જેના અનુસંધાને કચેરી ધ્વારા અરજદારની વાંધા અરજી ગ્રાહય રાખેલ નથી જેથી પણ સદર મિલ્કત બાબતે પ્લાન પાસ કે રજાચિઠ્ઠી અન્વયેની પરવાનગી આપવાની કાર્યવાહી ચાલી રહેલ છે. જેથી ગોળ ગોળ જવાબ આપેલ છે તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ સદર બાબતે ખાતા તરફથી સ્પષ્ટ જવાબ આપેલ છે કોઈ ગોળ ગોળ જવાબ આપેલ નથી. (૨) ઉપરોકત જણાવેલ નંબરો વાળી જમીન અંગે જો પ્લાન પાસ કે રજાચીઠ્ઠી ફાળવવામાં આવેલ હોય તો તેની સહી સિકકાવાળી નકલ આપો અને તેમાં રજુ કરેલ તમામ પેપર્સોની નકલ આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી

તરફથી સદર મિલકતોમાં પ્લાન મંજુર નથી તેમજ ફા.પ્લોટ નં.પ્લોટ નં.૯૫ અને ૯૭ માં રજૂ થયેલ વિકાસ પરવાનગીની ફાઈલમાં અરજદારો ધ્વારા રજૂ થયેલ તમામ પેપર્સની નકલ મેળવવા પ્રતિ નકલના રૂા.ર/– લેખે કુલ નકલ નંગ–૨૬૭ ના રૂા.૫૩૪/– તથા પ્લાનની નકલ નંગ–૧૪ ના રૂા.૧૨૯૦/– મળી કુલ રૂા.૧૮૨૪/– (અંકે એક હજાર આઠસો ચોવીસ પુરા) ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકે છે તેવું જણાવેલ છે. જેના અનુસંધાને અરજદારે રસીદ નં.૨૨૮૨૭૭ તા.૧૯–૧૦–૧૦ થી રૂા.૧૮૨૪/– ભરપાઈ કરેલ છે જે અંગે અરજદારે માહિતીની નકલ ઉપર ટીપી નં.૩૧ (અડાજણ) ફા. પ્લોટ નં.૯૫ તથા ૯૭ ના બંને ફાઈલ ના તમામ પેપર્સ તથા પ્લાનની નકલો મળી છે તેવું લખી તા.૨૨–૧૦–૧૦ ના રોજ સહી કરેલ છે. મુદ્દા નં.૩ ઉપરોકત જણાવેલ નંબરોવાળી જમીન અંગે જો પ્લાન પાસ કે રજાચિઠ્ઠી ફાળવવામાં નહીં આવેલ હોય અને સદર જમીન ઉપર બાંધકામ ચાલી રહેલ હોય તો તે બાંધકામ મ્યુ. લોઝ વિરુધ્ધની કહેવાય કે કેમ તેની માહિતી આપો અને જો મ્યુ. લોઝ વિરુધ્ધની હોય તો તેની કેટલા સમયમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા બાંધકામ દુર કરવામાં આવે તેની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર જમીન પર મંજુર કરાવ્યા વગર બાંધકામ ચાલી રહેલ હોય તો તે મ્યુ. લોઝ વિરુધ્ધ ગેરકાયદેસર ગણી શકાય તેને જરૂરી કાર્યવાહી કર્યા બાદ દુર કરી શકાય. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ ઉપરોકત જણાવેલ નંબરોવાળી જમીન અંગે સુરત મહાનગરપાલિકા ધ્વારા ફલેટોના બુકીંગ કરવા માટે કેબીન કે બુકીંગ ઓફિસ બનાવવા માટે પ્લાન પાસ વગર કે રજાચિઠ્ઠી આપ્યા વગર કે એન. એ. ની પરવાનગી મળ્યા વગર બુકીંગ ઓફિસ બનાવવા માટે કે કેબિન બનાવવા માટે મંજુરી આપી શકે કે કેમ તેની માહિતી આપો? અને કોઈ પણ જાતની મંજુરી નહીં આપેલ હોય તો શું બાંધકામ થઈ શકે કે કેમ તેની માહિતી આપો? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કેબીન કે બુકીંગ ઓફિસ ટેમ્પરરી સ્ટ્રકચરની વ્યાખ્યામાં આવે છે. જે જરૂરી અરજી કર્યેથી મિલ્કત માલિકને આપી શકાય તેની મંજુરી ન હોઈ તો બાંધકામ થઈ શકે નહીં. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં બાંધકામ માટે ટેમ્પરરી ઓફિસરનું બાંધકામ કરવાની જોગવાઈ જી.ડી.સી.આર. ના નિયમમાં ૧૬.૨૧માં થયેલ છે. આ બાબતે જરૂરી બાંહેધરી પત્ર પણ વિકાસ પરવાનગી માંગનાર અરજદારે આપેલ છે. મુદ્દા નં.૫ ઉપરોકત જણાવેલ જમીન અંગે અમો અરજદારે વાંધા અરજી આપેલ હતી અને તે અંગેની સુનાવણી તા.૬–૯–૧૦ ના રોજ તમો ધ્વારા પ્લાન પાસ અને રજાચિઠ્ઠી અન્વયે સુનાવણી રાખેલ હતી અને તે સુનાવણી દરમ્યાન અમો અરજદારને સદર જમીન અંગેનો કેસ સુરત સીવીલ કોર્ટમાં ચાલતો હોવાથી તેજ તારીખે હાજર રહેવાનું હોવાથી અમોએ મુદત માટે અરજી આપેલ હતી તો તે મુદત અરજી અન્વયે કઈ મુદત પડેલ છે તેની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૬–૯–૧૦ ના રોજ આપે હાજર રહી રજૂઆત કરેલ અને તે અત્રેથી સાંભળવામાં આવેલ છે આ બાબતે આપને અત્રેથી અન્ય કોઈ મુદત આપવામાં આવેલ નથી.તેવું જણાવેલ છે.જેમાં પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ અરજદારને તેમની ફરીયાદ અરજી અન્વયે ખાતામાં રજૂ થયેલ પ્લાન અરજી અંગે નિર્ણય લેતાં પહેલાં તા.૧–૯–૧૦ ના રોજ ડે.કમિ. (પીએન્ડડી) સમક્ષ હાજર રહી રજૂઆત કરવા જણાવેલ. પરંતુ સદર દિવસે અરજદાર હાજર ન રહેતાં ફરીથી તા.૬–૯–૧૦ ના રોજ હાજર રહેવા પત્ર લખેલ અને સદર દિવસે અરજદાર હાજર રહી રજૂઆત કરેલ. જે સાંભળેલ છે. આમ અરજદારન રજૂઆત સાંભળેલ હોઈ અન્ય મુદત આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ ઉપરોકત જણાવેલ નંબરોવાળી જમીન અંગે સુરત સીવીલ કોર્ટમાં દાવા નંબર :૩૧૮/૨૦૧૦ પેન્ડીંગ છે અને મનાઈની સુનાવણી પણ પેન્ડીંગ છે જેથી જમીન અંગેની મેટર સબ જયુડીસ હોય તો કઈ રીતે સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્લાન પાસ કે રજાચિઠ્ઠી આપવામા આવે તેની માહિતી આપો? અને જો રજાચિઠ્ઠી અને પ્લાન પાસ આપવામાં આવે અને સુરત સીવીલ કોર્ટ ધ્વારા મનાઈ હુકમ આપવામાં આવે અને તે દરમ્યાન સદર જમીન પર ફલેટોના બુકીંગ અર્થે ગ્રાહકો પાસેથી નાણા લેવામાં આવે તો ગ્રાહકોની સાથે થયેલ છેતરપિંડી કોણ કોણ જવાબદાર રહેશે તેની માહિતી આપો અને ગ્રાહકોના પૈસાનું શું તેની માહિતી આપો? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતમાં નામદાર કોર્ટ ધ્વારા મનાઈ હુકમ આપવામાં આવેલ ન હોઈ તો સુરત મહાનગરપાલિકા પ્લાન કે રજાચિઠ્ઠી મંજુર કરવાની કાર્યવાહી હાથ ધરી શકે છે. વધુમાં ગ્રાહકો સાથેની છેતરપીંડી બાબતે જે તે (સીવીલ) સક્ષમ સત્તા સમક્ષ રજૂઆત કરવાની રહે છે. તેવું જણાવેલ છે. જે બાબતે પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ આપવામાં આવેલ જવાબ બરાબર છે તેવું જણાવેલ છે.

અરજદારની તા.૨૮–૧૦–૧૦ ની અરજી બાબતે કરેલ અપીલ અંગે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૯૩૩ તા.૧૬–૧૧–૧૦ થી પત્ર પાઠવી તા.૨૨–૧૧–૧૦ ના રોજ બપોરે ૩.૪૫ કલાકે સુનાવણી રાખવામાં આવેલ. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી મ. શહેર વિકાસ અધિકારી હાજર રહેલ. જેમાં અરજદાર પક્ષે અરજદાર વતી અરજદારના પુત્ર શ્રી ઈશ્વરભાઈ ગણપતભાઈ હાજર રહેલ અને તેઓએ અરજદાર બિમાર હોવાથી હાજર રહી શકે તેમ નથી તેથી તેઓ તા.૨૭–૧૧–૧૦ ના રોજ હાજર રહી શકશે તેવું જણાવી મુદત માંગવામાં આવેલ. જે અપીલ અધિકારી તરફથી ગ્રાહય રાખવામાં આવેલ અને અરજદારને તા.૨૭–૧૧–૧૦ ના રોજ મુદત આપવામાં આવેલ. જે તારીખે અરજદાર ભગીરથીબેન વલ્લભભાઈ હાજર રહેલ અને તેઓ મુદ્દા નં.૧ ના આપેલ જવાબ પ્લાન મંજુર નથી તેવી આપેલી માહિતી સાથે સંમત હોવાનું જણાવેલ. મુદ્દા નં.૨ માં બુકીંગ ઓફિસના સ્ટ્રકચર બાંધકામની મંજુરી આપેલ છે તેવી રજૂઆત કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીએ તે અંગે મંજુરી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ. અરજદારે તા.૬–૯–૧૦ ના રોજ સાંભળેલ છે અને ત્યાર બાદ મુદત આપવામાં આવેલ જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ત્યાર બાદ કોઈ મુદત આપવામાં આવેલ નથી તેવું જણાવેલ. મુદ્દા નં.૪ થી અરજદારે છેતરપીંડીની થવાની રજૂઆત કરી તે અંગે છેતરપીંડી અંગેનો નિર્ણય અત્રે કરવાનો રહેતો નથી. તેવું જણાવેલ. ત્યાર બાદ અરજદારે અપીલ અંગે સંતોષ વ્યકત કરેલ અને અપીલ અંગે અન્ય કોઈ રજૂઆત નથી તેવું જણાવેલ.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારે તા.૨૮–૯–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૧૧–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભગીરથીબેન તે વલ્લભભાઈ ડાહયાભાઈ પટેલની પુત્રી